સંદેશ
Date: 17 February, 2010
Edition: Ahmedabad
Page: 14

# IPLની મેચ હવે રાજ્યનાં થિયેટરોમાં પણ બતાવાશે

**અમદાવાદ** : ગુજરાતના ક્રિકેટ રસિયાઓ માટે આનંદના સમાચાર છે કારણ કે રમત પ્રેમીઓ ક્રિકેટને હવે થિયેટરોમાં પણ જોઈ શકશે. આ વર્ષે યોજાનાર આઈપીએલની તમામ મેચોનું પ્રસારણ થિયેટરોમાં દેખાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ક્રિકેટ રસિયાઓને મોટા પરદે મેચ જોવાનો અનેરો લહાવો મળશે અને તે પણ કોઈપણ જાહેરાત વગર બતાવવામાં આવશે. આ વર્ષે યોજાનાર આઈપીએલની મેચો ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા, ગાંધીનગર તેમજ અમલસાડ, અંબોલી, આણંદ, અંકલેશ્વર, બારેજા, ભરૂચ, ભાવનગર, બોટાદ, દમણ, ગોંડલ, હાલોલ, હિંમતનગર, ગારિયાધર, ઈડર, કડી, કલોલ, ખેડબ્રહ્મા, કોસામ્બા, મોડાસા, પેટલાદ, સેલવાસ, વ્યારા, વેરાવળ અને વિસનગર જેવાં શહેરોમાં પણ બતાવવામાં આવશે. ક્રિકેટ પ્રેમીઓને મેદાનમાં જે માહોલ હોય તેવો માહોલ થિયેટરોમાં પણ જોવા મળશે કારણ કે થિયેટરમાં જ ફૂડ સ્ટોલ હશે અને કેટલાંક થિયેટરોમાં ચિયર લીડર્સ અને બેન્ડ પણ હશે. આઈપીએલની મેચો માટે યુએફઓએ ભારતના ૬૫૦ અને ગુજરાતના ૬૦ થિયેટરો સાથે કરાર કર્યો છે. જેમાંથી ૨૨૦થી વધારે મલ્ટિપ્લેક્સ થિયેટરો છે.



**અમદાવાદના ક્યા થિયેટરમાં આઈપીએલ મેચ**

સિનેમેક્સ, સિટી પલ્સ, ફન રિપબ્લિક, ગીતા સિનેમા, પીવીઆર સિનેમા, રિવોલ્યુસન્સ સિનેમા, રૂપમ સિનેમા, વાઇડ એન્ગલ.